# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 31/08/2026** **Morning: 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

---

1. **નવસારી જિલ્લામાં ચારસો ગામોમાં સ્વચ્છતા અભિયાનનો કેન્દ્રીય મંત્રીએ આરંભ કરાવ્યો.**
2. **કચ્છના દુર્ગમ સરહદી વિસ્તારને મજબૂત માળખાકીય આધાર આપવાની દિશામાં. 432 કરોડ રૂપિયા કરતાં વધુના ખર્ચે સુરક્ષા વ્યવસ્થા માટેનું કાર્ય આરંભાયુ.**
3. **રાજ્યમાં પંદર હજાર જેટલા વિદ્યાર્થીઓએ શાંતિપૂર્ણ રીતે નીટની પરીક્ષા આપી.**
4. **અમદાવાદ પોલીસના સમર્પણ અભિયાન હેઠળ નાગરિકોએ 263 હથિયારો સ્વયંભૂ રીતે જમા કરાવ્યાં.**
5. **રાજકોટના લોકમેળામાં પહેલીવાર ભારતીય નૌ સેનાનું બેન્ડ દેશભક્તિનો સૂર રેલાવશે.**
6. **દુબઇ ખાતે રમાઇ રહેલી મહિલા એશિયા કપ ક્રિકેટમાં ભારતનો થાઇલેન્ડ સામે વિજય.**

....................................

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# NAVSARI CLEANESS DRIVE C R PATIL

**નવસારીના 400 ગામડાંઓમાં સ્વચ્છતા અભિયાન આરંભાયું છે. કેન્દ્રીય મંત્રી સી આર પાટીલે આ સ્વચ્છતા અભિયાનનો આરંભ કરાવ્યો હતો. આ અભિયાન એક સપ્તાહ સુધી ચાલશે તેમ સી આર પાટીલે જણાવ્યું હતું.**

## (BYTE- C.R. PATIL, UNION MINISTER)

*(માનનીય પ્રધાનમંત્રી મોદી સાહેબ સ્વચ્છતાનો આગ્રહ કરતા હોય છે અને એટલા જ માટે આપણે નવસારી જિલ્લાના લગભગ ૪૦૦ ગામો તથા નવસારી મહાનગર, ગણદેવી અને બિલિમોરા નગરપાલિકા આ બધાની માઇક્રો સફાઈ કરવાનું નક્કી કર્યું છે અને એની સાથે સાથે દરેક ગામમાં ૧ જેસીબી, ૧ લોડર અને એની સાથે ૧ ટ્રક અને ૧૦ જેટલા સફાઈ કર્મીઓ રહીને લગભગ ૬ થી ૭ દિવસની અંદર ૪૦૦ એ ૪00 ગામમાં રોજના ૫૦ ગામ થાય અને નાના ગામો હોય ત્યાં એક દિવસમાં ૨ ગામ થાય તો એ રીતે લગભગ ૪૦૦ ગામો ૭ દિવસમાં પૂરો કરવાનો સંકલ્પ કર્યો છે.)*

# KUTCH DEVLOPMENT

કેન્દ્ર સરકારે કચ્છના દુર્ગમ સરહદી પટ્ટાને મજબૂત માળખાંકીય આધાર આપવાની દિશામાં 432 કરોડ રૂપિયા કરતાં વધુના ખર્ચે સુરક્ષા વ્યવસ્થા માટેનું કાર્ય આરંભ્યુ છે. આ પ્રોજેક્ટમાં જેટી, પહોંચ માર્ગો, કલ્વર્ટ, ઊંચા નિરીક્ષણ ટાવર, ડ્રાજિંગ, પાણી સંગ્રહ, જનરેટર અને આંતરિક વીજળીની સુવિધાઓ સાથે સરહદી કામગીરી માટે જરૂરી સમગ્ર માળખું ઊભું કરવાની યોજના છે. કેન્દ્રીય જાહેર બાંધકામ વિભાગે કચ્છના ભારત પાકિસ્તાન સરહદના ક્રીક વિસ્તારમાં આ માટે પ્લાનિંગ, સામગ્રીની ખરીદી અને બાંધકામ કરીને તૈયાર પ્રોજેક્ટ સરકારને સુપરત કરે તે આધારિત પદ્ધતિથી ટેન્ડર બહાર પાડયું છે.

આ કામ 32 મહિનામાં પૂરું કરાશે. આ પ્રોજેક્ટની સૌથી મહત્વની બાબત એ છે કે, કચ્છના ક્રીક વિસ્તારમાં સરહદી સુરક્ષા માટે જરૂરી અલગ અલગ સુવિધાઓને છૂટાછવાયા કામ તરીકે નહીં, પરંતુ એક જ મોટા માળખાંકીય પેકેજ તરીકે વિકસાવવામાં આવશે. સરહદી ચોકી ઊભી થશે, તેની સાથે ચોકી સુધી પહોંચવાનો માર્ગ પણ હશે. પાણીના વિસ્તારમાં કામગીરી માટે જેટી પણ હશે, ઊંચાઈ પરથી નજર રાખવા માટે નિરીક્ષણ ટાવર પણ હશે અને મુશ્કેલ જળપ્રદેશમાં જરૂરી ડ્રાજિંગની કામગીરી પણ કરવામાં આવશે.

# VAV-THARAD VAN MAHOTSAV

વાવ-થરાદ જિલ્લાના દેલનકોટ ખાતે 77મા વન મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીની અધ્યક્ષતામાં યોજાયેલા આ જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં પર્યાવરણ સંરક્ષણનો સંકલ્પ લેવાયો હતો. આ પ્રસંગે ગામના 226 દંપતીઓએ વૃક્ષારોપણ કર્યું હતું. વન મહોત્સવ દરમિયાન પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળી વધારવાનો સંદેશ આપવા માટે 'વૃક્ષ રથ'ને લીલી ઝંડી આપવામાં આવી હતી. આ પ્રસંગે અધ્યક્ષ શંકર ચૌધરીએ જણાવ્યું હતું કે, નવનિર્મિત વાવ-થરાદ જિલ્લામાં પ્રથમ વખત જિલ્લા કક્ષાનો વન મહોત્સવ યોજાઈ રહ્યો છે, જે સમગ્ર જિલ્લા માટે આનંદ અને ગૌરવની વાત છે. તેમણે ઉમેર્યું હતું કે, આજે વાવવામાં આવેલા વૃક્ષો આવનારી પેઢી માટે ગૌરવશાળી વારસો બનશે.

## (BYTE: SHANKAR CHAUDHARY)

*(અહીં વૃક્ષારોપણની સાથે-સાથે ડ્રીપ, વાયર ફેન્સિંગ અને લાંબા ગાળા સુધી તેનું રખરખાવ થાય, એ ત્રણેય વ્યવસ્થાઓ કરવામાં આવી છે. સાથે આ વિસ્તારની અંદર ગ્રામ પંચાયતનો જે ઉત્સાહ છે, ગામના લોકોનો જે ઉત્સાહ છે, એ અદભુત છે. સજોડે બધાય જોડાઈને વૃક્ષનું વાવેતર પતિ-પત્ની સાથે રહીને કર્યું છે. નવી પેઢી બાળકો જે અભ્યાસ કરે છે, તે પણ આ કાર્યક્રમમાં જોડાયા છે, વડીલો પણ જોડાયા છે.)*

# NEET EXAM

દેશભરની સાથે સાથે ગુજરાતમાં પણ નીટની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઇ હતી. ગઇકાલે સવારે 9:00થી બપોરે 12:30 વાગ્યા સુધીના 3 કલાક અને 30 મિનિટના સમયગાળા દરમિયાન લેવાયેલી આ કસોટીમાં રાજ્યભરમાં પંદર હજાર જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી.

રાજ્યમાં અંદાજે 50 જેટલા પરીક્ષા કેન્દ્રો ઊભા કરવામાં આવ્યા છે. અમદાવાદ શહેરમાં 16 કેન્દ્રો પર પરીક્ષા યોજાઈ રહી છે, જ્યાં અંદાજે 4 હજાર જેટલા વિદ્યાર્થીઓએ કસોટી આપી હતી. પ્રત્યેક કેન્દ્ર પર 100થી 250 વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થિત બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી.

# AHMEDABAD POLICE SAMARPAN ABHIYAN

અમદાવાદ પોલીસ કમિશનર દ્વારા જે લોકો હથિયારો રાખતા હોય તેને સ્વેચ્છાએ હથિયાર જમા કરાવી અને કાયદાકીય કાર્યવાહીથી બચી શકે તેના માટે સેવાથી સમર્પણ અભિયાન શરૂ કર્યું હતું. જે અંતર્ગત શહેરના પૂર્વ વિસ્તારના 22 જેટલા પોલીસ સ્ટેશનમાંથી સ્વેચ્છાએ 263 જેટલા હથિયારો જમા કર્યા છે.

શરીર સંબંધી ગુનાઓ અટકાવવા માટે પોલીસ દ્વારા આ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. સેક્ટર 2 જેસીપી જયપાલસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, શહેરના પૂર્વ વિસ્તારમાં ગુનાઓને બનતા અટકાવવા માટે પોલીસ દ્વારા સમર્પણથી સુરક્ષા નામથી બે દિવસ અભિયાન ચલાવવામાં આવ્યુ હતુ.

## (BYTE – JAYPALSINH RATHOD, JCP, SECTOR-2)

***(अहमदाबाद शहर पुलिस खासकर सेक्टर 2 की पुलिस ने एक नई ट्रायल चालू की है, जिसके अंदर समर्पण से सुरक्षा एक अभियान के अंतर्गत अहमदाबाद शहर के सेक्टर 2 विस्तार के वो पुलिस स्टेशन जिनमें भूतकाल में इस तरह के हथियारों से क्राइम हुए हैं या होने की संभावना है, वो पॉकेट्स को आइडेंटिफाई किया गया है। यह आपको बताते हुए हर्ष होता है कि अभी तक अहमदाबाद शहर सेक्टर 2 के 22 पुलिस स्टेशन में 263 जितने धारदार हथियार पुलिस ने अभी तक कलेक्ट किए हैं और कब्जे किए हैं।)***

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

ગોન્ગ મ્યુઝિક

....................................

ડેસ્ક

# RAJYPAL UBHADA

અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના નાના ઉભડા ગામની મુલાકાતે ગયેલા ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે પે સેન્ટર ઉત્તમ શાળા, નાના ઉભડા ખાતે ગ્રામજનો સાથે રાત્રિ સભા યોજીને લોકસંવાદ સાધ્યો હતો.તેમણે ગ્રામજનોને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, બાળકોને ઉત્તમ સંસ્કારો અને કુટુંબના મૂલ્યો શીખવવા ખૂબ જરૂરી છે.

સાથે માતા-પિતાએ બાળકો સાથે ગુણવત્તાસભર સમય વીતાવવો જોઈએ જેથી તેઓ વ્યસન અને ખોટા માર્ગે જતાં અટકે પશુપાલન એ ખેતીનો પૂરક અને સમૃદ્ધિનો આધારસ્તંભ છે. ગામડાંમાં રહીને ઝેરી કે રાસાયણિક ખોરાકથી બચવા પોતાના ઘરનું શુદ્ધ દૂધ, ઘી અને છાશ હોવાં અનિવાર્ય છે. તેમણે ગ્રામજનોને પશુઓમાં નસલ સુધારણા દ્વારા દૂધ ઉત્પાદન અને આવક વધારવા પ્રોત્સાહિત કર્યા હતા.

# RAJKOT - LOKMELO

'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત રાજકોટમાં 'વિરાસતથી વિકાસ-2026' લોકમેળામાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ત્રિ-સ્તરીય મેગા પ્લાનિંગ કરવામાં આવ્યું છે.

સ્વચ્છતા સમિતિના અધ્યક્ષ પ્રજેશ સોલંકીના જણાવ્યા અનુસાર, આ લોકમેળા દરમિયાન 2થી 6 સપ્ટેમ્બર સુધી 290 જેટલા સફાઈ કર્મચારીઓ ત્રણ શિફ્ટમાં રાત-દિવસ કાર્યરત રહેશે. મેળો પૂર્ણ થયા બાદ પણ 7 થી 13 સપ્ટેમ્બર દરમિયાન 120 કર્મીઓ રેસકોર્સ ગ્રાઉન્ડની સફાઇ કરવામાં આવશે અને કચરાના નિકાલ માટે 25 થી 30 ટીપર વેન, જેસીબી અને ડમ્પર તૈનાત રહેશે. આ ઉપરાંત નાટક, ગીત-સંગીત અને એલઈડી સ્ક્રીન દ્વારા સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાવાશે.

ઉલ્લેખનીય છે કે, આ લોકમેળામાં પહેલીવાર ભારતીય નૌ સેનાનું બેન્ડ દેશભક્તિનો સૂર રેલાવશે. તારીખ 2 અને 3 સપ્ટેમ્બરે નેવી બેન્ડ દ્વારા વિવિધ 13 જેટલી સંગીતની ધૂનો રજૂ કરાશે.

# WEATHER FC

રાજ્યમાં આગામી સાત દિવસ સામાન્ય વરસાદની આગાહી છે. હવામાન વિભાગની યાદીમાં જણાવ્યા પ્રમાણે આજે ઉત્તર અને દક્ષિણ ગુજરાત સહિત સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાં હળવા વરસાદની શક્યતા છે. જેમાં બનાસકાંઠા, મહેસાણા, ગાંધીનગર, અમદાવાદ, સુરત, નવસારી, ડાંગ, ભાવનગર, અમરેલી, જૂનાગઢ સહિતના જિલ્લામાં વરસાદી ઝાપટાં પડી શકે છે.

બીજી તરફ રાજ્યમાં સિઝનનો કુલ સરેરાશ 75 ટકા જેટલો વરસાદ નોંધાયો છે. અત્યાર સુધી પડેલા વરસાદને પગલે રાજ્યના 26 જળાશય છલકાયાં છે જ્યારે 37 જળાશય હાઇએલર્ટ પર છે.

# CYCLE RELLY

પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે રાષ્ટ્રીય રમત દિવસની ઉજવણીના ભાગરૂપે સાયકલ રેલી યોજાઈ. જિલ્લા વહીવટી તંત્ર અને જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા યોજાયેલ આ રેલીમાં પોલીસ અધિકારીઓ-કર્મચારીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ, રમતવીરો અને નાગરિકો ઉત્સાહભેર જોડાયા હતા. જેમાં તંદુરસ્તી અને રમતગમત પ્રત્યે જાગૃતિનો સંદેશ આપવામાં આવ્યો હતો.

# WOMEN’S CRICKET

મહિલા ક્રિકેટમાં, ભારતે ગઈકાલે રાત્રે દુબઈમાં થાઈલેન્ડને 94 રનથી હરાવીને T20 એશિયા કપ 2026 ની જીત સાથે શરૂઆત કરી છે.

અગાઉ, થાઈલેન્ડ મહિલા ટીમે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો. પ્રથમ બેટિંગ કરતા, ભારતે નિર્ધારિત 20 ઓવરમાં નવ વિકેટ ગુમાવીને 159 રન બનાવ્યા. સ્મૃતિ મંધાના 19 રન બનાવીને રન આઉટ થયા બાદ શેફાલી વર્માએ 64 રન બનાવ્યા હતા. ભારતની શેફાલી વર્માને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી.

# GIR SOMANATH

**પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથમાં ભક્તો વહેલી સવારથી જ દર્શન કરવા ઉમટી પડ્યા હતા. અમારા ગીર સોમનાથ જિલ્લાના પ્રતિનિધિ રાજેશ ભજગોતરે જણાવ્યું કે, ભક્તો માટે વહેલી સવારે 3 વાગ્યે મંદિર પરિસરમાં પ્રવેશ શરૂ કરવામાં આવ્યો.**

## (VC - RAJESH BHAJGOTAR)

*(પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના પવિત્ર યાત્રાધામમાં વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળી હતી. ભક્તોને વ્યવસ્થિત રીતે દર્શન કરાવી શકાય તે માટે સોમનાથ ટ્રસ્ટ દ્વારા ઝીંગ જેક કતાર વ્યવસ્થા કરવામાં આવી હતી. તેમજ ઝોન પ્રમાણે યાત્રિકોનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું, જેના કારણે ભક્તો શિસ્તબદ્ધ અને શાંતિપૂર્ણ રીતે મંદિર તરફ આગળ વધ્યા હતા. માટે કરવામાં આવેલી સુવ્યવસ્થિત વ્યવસ્થાને કારણે ભક્તોએ શાંતિપૂર્ણ રીતે ભગવાન સોમનાથ મહાદેવના દર્શનનો લાભ લીધો હતો.*

*રાજેશ ભજગોતર, ગીર સોમનાથ, આકાશવાણી.)*

# VADNAGAR SHARMISTA LAKE CELEBRATION

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પવિત્ર શ્રાવણ માસના ત્રીજા રવિવારે વડનગરના ઐતિહાસિક શર્મિષ્ઠા તળાવના મુખ્ય ઘાટ પર ‘વડનગર શ્રવણોત્સવ’નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્કૃતિ, સંગીત અને ભક્તિના સમન્વય સમાન આ કાર્યક્રમમાં ગણેશ વંદનાના અને હાટકેશ્વર મહાદેવ અને આ નગરના ઐતિહાસિક મહત્વની પ્રસ્તુતિ કરવામાં આવી હતી.

સાંસ્કૃતિક નૃત્ય પ્રદર્શનના ભાગરૂપે શિવ સ્તુતિ અને શિવ તાંડવની રજૂઆતે સમગ્ર વાતાવરણને શિવમય બનાવી દીધું હતું. આ પ્રસંગે ઓમકાર નાદ અને ધ્યાનનું મહત્વ સમજાવતા શાસ્ત્રીય સંગીતના સૂરો પણ વહેવડાવવામાં આવ્યા હતા.

# BOOK DISTRIBUTION - VALSAD

વલસાડના ધરમપુર આદિવાસી ધોડિયા સમાજ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા સમાજના યુવક-યુવતીઓને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી માટે યોગ્ય માર્ગદર્શન અને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે હેતુથી નિઃશુલ્ક કોચિંગ ક્લાસ શરૂ કરવામાં આવ્યા છે.

ટ્રસ્ટની આ શૈક્ષણિક પહેલને વધુ વેગ આપતા કોચિંગ ક્લાસમાં અભ્યાસ કરતા **110** યુવક-યુવતીઓને સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી **550** પુસ્તકોનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યું